# ભલો સમરૂની

## માંદા, દુ:ખી અને સતાવણી સહન કરનારની સેવા કરવી

### બાળકોને શીખવનારે અભ્યાસ C4b વાંચવો




શા માટે ઘણા લોકો ગરીબ અને મુશ્કેલીઓમાં છે ? એક કારણ એ છેકે દુષ્ટાત્માઓ લોકોના, કાનમાં જુઠાણાં ભરે છે. જો લોકો પાપ કરવા ચાહે છે તો તેઓ આ જૂઠાણાં આવે છે. દુષ્ટાત્માઓ ચાહે છે કે આપણે લોભી, અનૈતિક અને અપ્રામાણિક બનીએ પણ ઈસુ આપણને આવા પાપ અને જૂઠાણાથી મુક્ત કરી શકે છે તે આપણા હૃદયને બદલી શકે છે અને આપણને એવા વ્યક્તિ બનાવે છે જેનામાં નવી ઈચ્છાઓ છે અને પાપ કરવાનું મન નથી.

**૧. આપણા હૃદય તથા મનને ઈશ્વરના વચનથી તૈયાર કરીએ**

આ અભ્યાસનો હેતુ જરૂરિયાતમંદોની સેવા કરવાનો છે. પ્રાર્થના કરો કે પ્રભુ તમને તથા તમારી સંગતને જરૂરિયાતમંદો. માટે વાસ્તવિક પ્રેમ આપે જેથી ભલા કામો થઈ શકે.

લૂક ૧૦:૨૫-૩૭ માંથી શોધો કે દયાળુ સમરૂનીએ કેવી રીતે વ્યવહારિક પ્રેમ કર્યો.

(ઉત્તર : ઘાયલ મુસાફર પ્રત્યે સમરૂનીએ વ્યવહારિક પ્રેમ દર્શાવ્યો. જે વિશ્વાસીઓ આ રીતે તેમનો વિશ્વાસ પ્રગટ કરે છે તેમને ઈસુ અનંતકાલિક વચન આપે છે.)




એવું કરનારને ઈસુ કેવું વચન આપે છે ?

(આ પ્રશ્નોના ઉત્તર જૂના પાયા પર છે )

૧ યોહાન ૩:૧૭-૧૮ **મુખપાઠ કરો.**

**૨. સહકર્મીઓ સાથે આગામી સપ્તાહમાં તમારા લોકોની પ્રવૃત્તિનું આયોજન કરો.**

તમારી યોજના કાગળ પર લખો અને તેની જાહેરાત સભામાં કરો. ચોક્કસ યોજના કહો. સૌથી વધારે જરૂરિયાતવાળા માણસોને પસંદ કરી તેની સેવા કરો કારણ કે ગલાતી ૬:૧૦ માં કહે છે, એ માટે જેમ પ્રસંગ મળે તેમ આપણે બધાઓનું અને વિશેષ કરીને વિશ્વાસના કુટુંબના જે છે તેઓનું સારુ કરીએ.

**૩. આગામી ભજનસેવા માટે સહકર્મીઓ સાથે આયોજન કરો.**

સમાજના ખૂબ દુ:ખી લોકો માટે ભજનસેવામાં પ્રાર્થના કરો.

આત્મિક વિજયો માટે ઈશ્વરની **સ્તુતિ કરો.** સાક્ષીઓ ગત સપ્તાહમાં કરેલા કામાની માહિતી માંગો.

લૂક ૧૦:૨૫-૩૭નું વર્ણન કરો. ઈસુએ કહેલી ભલા સમરુનીની વાર્તા કહેવા માટે સહાયકને તૈયાર કરો, સૌને ધ્યાનપૂર્વક સાંભળીને બે બાબત શોધવા કહો.

૧) સંભાળ લેનાર સમરુનીએ કેવી રીતે વ્યવહારિક પ્રેમ દર્શાવ્યો ?

૨) એવું જ કરનારને ઈસુ શું વચન આપે છે ?

હવે જુદા જુદા લોકોને પૂછો તેમણે શું શોધી કાઢયું છે (તેનો ઉત્તરો પાઠની નીચે છે)

**આપણા હૃદયોની પારખ કરો, પાપોની કબૂલાત કરો અને પ્રભુની મેજ પાળો.**

મેજનો આંરભ કરતા પહેલાં તમે અથવા સહાયક ૧ કોરંથી ૧૦ :૧૬-૧૭ વાંચો પછી ખ્રિસ્તના શરીરમાં તમે શો હિસ્સો લો છો તે જણાવો. ઈશ્વરનો શબ્દ દેહધારી થઈને આપણી મધ્યે વસ્યો તેણે બેથલેહેમ ગામમાં જન્મ લીધો. કોઈ સમયે બોઆઝ ત્યાં ખેતરોમાં ઘઉં ચાળતો હાતે. બેથલેહેમ એટલે ''રોટલીનું ઘર'' ત્યાં ઈસુ માંસ તથા રક્ત ધારી થયા અને તેથી તે આપણે માટે જીવનની રોટલી થઈ શક્યા.

**ઈશ્વરનું વચન લાગુ કરો . વિકલ્પો :**

**વિકલ્પ ૧** : ભલો સમરૂની લૂક ૧૦ :૨૫-૩૭માંથી બાળકો તથા પુખ્તોને વાર્તા ભજવવા કહો. મુસાફર પર હુમલો કરનાર લૂટારાઓનું પાત્ર બાળકોને ભજવે. મોટો છોકરો ગધેડાનો પાઠ લે.

**વિકલ્પ ૨** : શ્રી વ્યવહારુ, કોઈ શ્રીમાન ''વ્યવહારુ''નો ભાગ ભજવે તેને પૂછો શું તમે સમરુની સાથે સંમત થાઓ છો ? તે દલીલ કરસે કે આપણે માત્ર સુવાર્તા પ્રચારમાં જ સમય આપવો જોઈએ અને સામાજિક પ્રવૃત્તિઓમાં સમય વેડફવો જોઈએ નહિ. લોકોને તેનો ઉત્તર આપવા દો. જો તેઓ શરમાતા હોય તો તમે જ તમારા શબ્દોમાં શ્રી વ્યવહારુ ને સમજાવો અને ઈસુ ને આપણે શું કરવા કહ્યું છે તે કહો.

**વિકલ્પ ૩** : ઘેટાં અને બકરાં માત્થીની સુવાર્તા ૨૫ :૩૧-૪૬માં આવેલ ઘેટાંબકરાંની વાત ભજવવા કહો.

**ઉદ્‌ઘોષક**(પુખ્ત) : રાજા, ઘેટાં અને બકરાં દ્વારા જે જે શબ્દો બોલાયા નથી તે વાંચો.

**રત્ન** (પુખ્ત) : રાજાના શબ્દો વાંચો કે બોલો

**ઘેટાં** (બાળકો) : ઘેટાંના શબ્દો એક બાળક બોલે અથવા વાંચે

**બકરાં** (બાળકો) : કોઈ બાળક ઘેટાંના શબ્દો બોલે.

**વિકલ્પ ૪** : શેતાની ધમકીઓનો સામનો કરો. બે વ્યક્તિઓના આ ગીત મોટેથી વાંચો અથવા ગાએ

**વક્તા ૧, દુઃખી અવાજે**

શેતાન શત્રુઓને જગાડશે
કેવી દશા ? કોણ દાદ સાંભળશે ?
તેમના લંબાવેલા છે લોભી હાથ
વેચી દે છે આત્મા આ છે તેમનો સ્વાર્થ .....

**વક્તા ૨, આનંદી તથા નિશ્ચયથી અવાજે**

શેતાન બળતા તીરો ચલાવે
ધનુષ્ય પર ''ઈર્ષા'' તીરો તાણે
અમારું, કવચ છે દઢ તે તો ના ફાટે,
આપણો વિશ્વાસ તો ભયંકર ઘાને સહી લેશે !

અઠવાડિયા દરમ્યાની પ્રવૃત્તિઓની જાહેરાત કરો. તમારા લોકો દુઃખી, જરૂરિયાતવાળાની માહિતી આપો. તેમને ક્યારે અને કેવી મદદ કરવી તેનું આયોજન કરો. ચોક્કસ યોજના બનાવો.

દ્વિતીય અને તૃતીય સમૂહોને મદદ કરો. પ્રાર્થના કરો યોજના પ્રમાણે કરો અને એકબીજાને ઉત્તેજન આપો.